
## ૧૦.૨.૫. ઈતિહાસ વિભાગનો અહેવાલ શૈ.વર્ષ -૨૦૨૧-૨૦૨૨

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઇ ચૌધરી
(ઇતિહાસ વિભાગાધ્યક્ષ)

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે. વર્તમાન માનવ ઇતિહાસમાં જ્ઞાન વિજ્ઞાન, સંશોધનો અને શિક્ષણનું ટેકનોલોજીને કારણે નવિનીકરણ થતા જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે. રાષ્ટ્રના ઇતિહાસનું ઘડતર અને ચણતર મહાન પુરૂષો દ્વારા જ થાય છે. આવા મહાન પુરૂષોનું જીવન અને તેમના વિચારોનું ચિંતન ભાવિ પેઢીને પ્રેરણા અર્પી શકે છે. બહુરત્ના વસુંધરાની કુંખે અનેક રત્નોએ જન્મ લીધો છે, મહાન મહાત્માઓ, મક્કમ મુત્સદ્દીઓ, વિજેતા અને વીરપુરૂષો પેદા થયા છે. પરંતુ આ જગતમાં એ લોકોની જ કદર થઇ છે, જેમણે 'બહુજન હિતાય, બહુજન સુખાય' પોતાનું સર્વસ્વ જીવન રાષ્ટ્રના અને વિશ્વના કલ્યાણ અર્થે સમર્પિત કર્યું છે. જેમકે મહાત્માં ગાંધી, લોંખડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ, નૂતન ગતિશીલ વિચારોના જનક ડૉ.ભીમરાવ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, સાદગીને વરેલા લાલબહાદુર શાસ્ત્રી, શિક્ષણ આલમના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન, વિશ્વની ધરા પર ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર યુવાનોના પ્રેરણા સ્ત્રોત સ્વામી વિવેકાનંદ, રાષ્ટ્રને માટે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કરનાર કેટલાય વીર શહીદો, જેનુ હૈયુ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલુ છે, એવા સ્વદેહે ન હોવા છતા અક્ષરદેહે લોકોના હૃદયમાં બિરાજમાન છે, એવા ભારતીય લોકનેતાઓના જીવનમાંથી આજનાં વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે, એમના જીવનને જાણે, સમજે અને પોતાના જીવનમાં પ્રગતિ કરી રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને. તેમજ UPSC/GPSC દ્વારા લેવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઇતિહાસ વિષયનાં વિદ્યાર્થીઓ તેમજ અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓમાં ઇતિહાસ વિષય પ્રત્યે રસ, રૂચિ કેળવાય અને જ્ઞાનમાં વધારો થાય.કોવિડ-૧૯નું ગ્રહણ સમગ્ર વિશ્વને લાગ્યુ છે ત્યારે વિદ્યાર્થી જગતને આધુનિક ટેકનોલોજીના યુગમાં આ ટેકનોલોજીના સદુપયોગ થકી વિદ્યાર્થીઓમાં નવી ચેતના ભરવાની, આજની યુવા શક્તિને જગાડવાની અને તેને વિકાસની કેડી પર લઇ જવાની તાતી જરૂરિયાત છે. આજનું બાળક આવતીકાલના ભારતનું ભાવિ છે. આજના કોરોનાના કપરા કાળમાં તેમનામાં નવીન વિચાર સ્ફૂરે, જુસ્સો, જોમ જળવાય, મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત બનીને રહે, નૂતન વિચારોને ગ્રહણ કરે અને સમય, સંજોગોના સથવારે વિવિધ પ્રવૃતિઓમાં તેનું મન પરોવાય એવા પ્રયાસો ઇતિહાસ વિભાગ તરફથી તથા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યા છે. અને એ હેતુને ચરિતાર્થ કરવા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ ઓનલાઇન પ્રવુતિઓ, જેમકે ક્વિઝ, વેબિનાર, સેમિનાર, વિચારલેખન, મોબાઇલ વિડિયો ક્લિપ, ગૃપચર્ચા જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેની એક ઝાંખી અહીં પ્રસ્તુત કરવાનો મારો નૃમ પ્રયાસ છે.

તા.૦૯-૦૮-૨૦૨૧ ને સોમવારના રોજ કોલેજની IQAC કમીટી, રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S), એક ભારત શ્રેષ્ઠ ભારત અને ઇતિહાસ વિભાગના સયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ “આઝાદીની ચળવળમાં આદિવાસીઓનુ યોગદાન” વિષય સંદર્ભે ઓનલાઇન નેશનલ વેબીનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જે નિમિત્તે વક્તા તરીકે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો.ડૉ.જે.સી.પટેલ સાહેબશ્રીએ વિષયના સંદર્ભે ઓનલાઇન ગૂગલમીટના માધ્યમથી વ્યાખ્યાન આપતા જણાવ્યુ હતુ કે, ‘આદિવાસીઓ મૂળ અહીના જ વતનીઓ છે, આર્ય પ્રજા ભારતમાં આવી એ પહેલા તેમનો વસવાટ અહી હોવાના ઉલ્લેખો મળે છે, જેઓ અંગ્રેજો આવ્યા એ પહેલાથી જ સંઘર્ષ કરતા આવ્યા છે, આદિવાસી જનનાયક બીરસા મુંડા તેમજ સંથાલ આંદોલન, દેવી ચળવળ, બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ વગેરેની લડતમાં આદિવાસી પ્રજાનું અનેરુ યોગદાન રહ્યુ હતું, તથા આદિવાસીઓને સમજવા માટે સંદર્ભ પુસ્તકોના વાંચન પર ખાસ ભાર મૂક્યો હતો.” આ સાથે જ વિશ્વ આદિવાસી દિવસની ઓફલાઇન કાર્યક્રમની ઉજવણી પણ કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ ‘વિદ્યાર્થીઓ આદિવાસી સંસ્કૃતિને જાણે, લુપ્ત થતી માતૃબોલીને બચાવે અને આદિવાસી હોવાનુ ગૌરવ અનુભવે એ હતો.’

**9/8/2021**



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક, વિશ્વમાનવ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ બ્રિટિશ રાજ પાસેથી અહિસંક માર્ગે આઝાદી મેળવી ભારતને દુનિયાના નકશા પર મૂકનાર માનતાવાદી, શાંતિ ચળવળ કર્તા એવા કુદરતી ઉપચારના મૂળમાં માનનારા મહાત્મા ગાંધી કહે છે કે કુદરત એ સારામાં સારો વૈદ્ય છે. મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મ જયંત્તિ અને વિશ્વ અહિંસા દિન નિમિત્તે તા.૦૧/૧૦/૨૦૨૧ને શુક્રવારના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, અને સરકારી આયુર્વેદ દવાખાના માંડવખડકના સંયુક્ત ઉપક્રમે IQAC અંતર્ગત ઇતિહાસ વિભાગ દ્વારા આયોજિત "આરોગ્ય અને આયુર્વેદ" વિષય સંદર્ભે એક દિવસિય ઓફલાઇન સેમિનાર તેમજ મફત "સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પ"નું આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ આયોજન કરવામાં આવ્યું જે નિમિત્તે ડૉ.પાર્થ.પટેલ, મેડિકલ ઓફિસર માંડવખડ્ક, ડૉ. આયુષ.પટેલ (બી.એ.એમ.એસ), જિલ્લા પંચાયત દવાખાનું ઢોલુમ્બર, ડૉ.દિલિપભાઇ આહિર, જિલ્લા પંચાયત દવાખાનુ, કાકડવેલ અને એમની ટીમનો આચાર્યશ્રીએ શાબ્દિક પરિચય અને પુચ્છગુચ્છથી આવકાર્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી થઇ વિષય સંદર્ભે વ્યાખ્યાન આપતા ડૉ.પાર્થ પટેલે " ગાંધીજીના જીવન દિનચર્યા ને અનુસરવુ પડ્શે તે સાથે ઉપસ્થિત ડૉ.આયુષ.પટેલે વિવિધ રોગો વિશે વિશદ જાણકારી આપી હતી અને ડૉ.દિલિપભાઇ આહિરે પોતાના વકત્વવ્યમાં આપતા જણાવ્યું કે " આપણે સૌ ઋષિ સંસ્કૃતિના સંતાન છીએ એમણે વિવિધ ઔષધિય વનસ્પતિઓ વિશે વિસ્તૃત માહિતિ આપી હતી.જેવી કે કુવારપાઠું, ભાંગરો, સરગવો, એરંડો, તુલસી, લીમડો, આમળા, શતાવરી, જાંબુ, ધાણા, જીરૂ વગેરે આપણેને વારસામાં મળ્યું છે, પહેલા આપણે સ્વસ્થ વ્યક્તિને સ્વસ્થ બનાવીએ, આયુર્વેદએ જીવનપ્રણાલીછે, ચિકિત્સા પધ્ધતિ નથી. આમળાએ અમૃત છે, જેવી અનેક વનસ્પતિઓને કયા રોગના ઉપચાર માટે લઇ શકીએ" જેનો પાવર પોઇન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ"

મન નિરોગી તો શરીર નિરોગી એ સામન્યપણે માનવજાતને માટેનો પહેલો કાયદો છે.તંદુરસ્તીના કાયદા અને આરોગ્ય શાસ્ત્રના નિયમો તદ્દન સાદા છે ને સહેલાઇથી શીખી લેવાય તેવા છે મુશ્કેલી તેમના અમલની છે આ ક્રાયક્રમનો ઉદ્દેશ "વૈશ્વિક મહામારી કોરોનારૂપી મહાકાળ સામે સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યુ છે, આર્થિક રીતે માનવીની કમ્મરને તોડી નાંખી છે ત્યારે સામન્ય તાવ, શરદી, ઉધરસ અને નાનાં મોટા અન્ય રોગોના ઉપચાર માટે માણસ હોસ્પિટલ જવા માટે અંદરથી એક ડર અનુભવી રહ્યો છે,ગાંધી કહે છે તેમ આ ગરીબ લોકોને ત્યાં ઊંચી ડિગ્રી વાળા દાકતરોને હોસ્પિટલની મોંઘી સાધન-સામગ્રીનો લાંબો પરિવાર કેવી રીતે લઇ જવાના હતા? તેમને સાદા કુદરતી ઇલાજોનો જ આધાર છે. અને એ માટે સમય, આરોગ્ય અને ધનનો બચાવ કેમ થઇ શકે, ગામડામાં તાજી કેટલીય

ઔષધીય વનસ્પતિના ભંડાર ભર્યા છે તેમા કઇ વનસ્પતિ કયા રોગના ઉપચાર માટે કામ આવે તેનું વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થીઓ થકી સરકારી આયુર્વેદ દવાખાના મારફતે વિના મૂલ્યે આરોગ્યલક્ષી ઉપચાર મળી રહે અને વ્યક્તિ કુટુંબને માટે કુટુંબ ગામને માટે ગામ તાલુકા ને માટે તાલુકો જિલ્લાને માટે અને જિલ્લો રાજ્યને માટે રાજ્ય દેશને માટે અને રાષ્ટ્ર "વસુધેવ કુંટુમ્બકમ" માટે સજાગ થાય એ હતો. કારણકે ભૂતકાળની ભૂલોને ધ્યાનમાં રાખી સમસ્ત માનવ જગત વર્તમાન અને ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવાનું ઇતિહાસ થકી શીખ મેળવે છે. સમગ્ર માનવજાતના ક્લ્યાણ અર્થે અને તંદુરસ્ત વિશ્વ માટે આયુર્વેદ તરફ વળવુ જ રહ્યુ.

**Ayurvedic camp 1/10/21**




















તા.૩૦/૧૦/૨૦૨૧ને શનિવારના રોજ આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ IQAC અંતર્ગત ઈતિહાસ વિભાગ અને સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત લોખંડી પુરુષ સરદાર વલ્લભાઈ પટેલની ૧૪૬મી જન્મ જયંતી નિમિત્તે " રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓ નેહા પટેલ, ગરાસિયા પાયલ, ચિંતન પટેલ, પિયુષ પટેલ, વિરેન પટેલે સરદાર વલ્લભાઈ પટેલનું સમગ્રલક્ષી જીવન સંબંધિત પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. અને તરૂણ પટેલ સરદાર પટેલના જીવન કાર્યો વિશે પાવર પોઈન્ટ પ્રેશન્ટેશન રજૂ કર્યું હતું. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ વલ્લભભાઈ પટેલના જીવનમાંથી પ્રેરણા મેળવી ઉન્નતિના શિખરો સર કરે.

## Sardarvallabhbhai patel 30/10/2021










## VRAKRUTVA PROGRAMME 15/12/2021








તા.૨૫/૧૨/૨૧ થી તા.૨૭/૧૨/૨૧, અટલબિહારી વાજપેજીનાં ૯૭માં જન્મદિન નિમિત્તે ક્વિઝ સ્પર્ધા" https://forms.gle/WSxpb8Meo1gxamau8 , ૧૬૨ વિદ્યાર્થીઓ સહભાગી થયા.

તા.૨૮/૧૨/૨૧ થી તા.૩૦/૧૨/૨૧, " શ્રી ધીરૂભાઈ અંબાણી નાં 89માં જન્મદિન નિમિત્તે ક્વિઝ સ્પર્ધા"


https://forms.gle/5Ts7Q4Styrd7VExf8 , ૧૦૬ વિદ્યાર્થીઓ સહભાગી થયા.

તા.૩૧/૦૧/૨૦૨૨ને સોમવાર,

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક, વિશ્વમાનવ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ બ્રિટિશ રાજ પાસેથી અહિસંક માર્ગે આઝાદી મેળવી ભારતને દુનિયાના નકશા પર મૂકનાર માનવતાવાદી, શાંતિ ચળવળ કર્તા એવા કુદરતી ઉપચારના મૂળમાં માનનારા તેમજ ધર્મ નિરપેક્ષ શહીદ દિન નિમિત્તે તા.૩૧/૦૧/૨૦૨૨ને સોમવારના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ સંયુક્ત ઉપક્રમે IQAC અંતર્ગત ઇતિહાસ વિભાગ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શહીદ દીન નિમિત્તે "ગાંધીજીઅને ટકાઉ વિકાસ" વિષય સંદર્ભે ગૂગલમીટના માધ્યમથી એક દિવસીય નેશનલ ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.જે નિમિત્તે ગ્રામસેવા મહાવિદ્યાલય, ગાંધીનગરથી શ્રી અમિતભાઇ.એમ.બિરારીનો સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ શાબ્દિક પરિચય આપી આવકાર્યા હતા.ટકાઉ વિકાસની થીમ માનવ સંસ્કૃત્તિના ઉત્ક્રાંત્તિ સાથે વિકસિત થઇ છે. જ્યારે પણ માનવ સભ્યતા ટકાઉ વિકાસના માર્ગા પરથી હટી ગઇ ત્યારે તેના અસ્તિત્વ માટેનું જોખમ ઉભુ થયું છે ત્યારે ગાંધીજીએ બતાવેલરાહ પર ચાલીને માનવ સંસ્કૃત્તિના મૂલ્યોને આત્મસાત કરીને માનવ પ્રગત્તિને આગળ વધારવાના ઉદ્દેશયની સાથે નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રા.આમિતભાઇ એમ. બિરારીએ વિષય સંબધિત પોતાના અનુભવો જણાંવતા કહ્યુ કે ""દરિયા જેવો વિષય છે, સમાજ, પર્યાવરણ, ઉપાર્જન, આ ત્રણેય કડીને સાંકળીને તેમણે વધુમાં જણાવ્યું કે ધરતીને, સમાજને, નવીપેઢીને આપણે શું આપીશું.પોતાના વ્યકતિત્વથી લઇને સ્વથી રાષ્ટ્ર સુધી જવાનું છે, પૃથ્વીના પાંચ તત્વોને નુકસાન કર્યા વગર જાગૃત્તિ લાવીને પ્રગત્તિ કરવાની છે. સામાજિક, આર્થિક ,આધ્યાત્મિક, આરોગ્ય સબંધિત ગાંધીજીની દીનચર્યા તેમજ તેમણે આપેલ ૧૧ મહાવ્રતોને આત્મસાત કરવા રહ્યા. રેટિંયો, ખાદી, સ્વદેશી ચીજ વસ્તુઓનું ઉત્પાદન અને વેંચાણ થકી રોજગારીની તકો પૂરી પાડી આત્મનિર્ભર બનવું રહ્યું.ભવિષ્યનાં સમાજને માટે ભૌતિક સાધન સંપન્ન સમાજને આર્દશ સમાજ બનાવવાનો છે.


## AMITBHAI BIRARI 31/1/2022 ONLINE NATIONAL SEMINAR














# ૧૦.૨.૬. મનોવિજ્ઞાન વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

તા.૨૭/૦૯/૨૦૨૧નાં રોજ "માનસિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ" વિષય સંદર્ભે કાર્યક્રમ






















મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત "માનસિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ" વિષય સંદર્ભે કૉલેજ કક્ષાએ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં પ્રસંગોચિત વ્યાખ્યાન આપતા આચાર્યશ્રી તેમજ વિષય સંદર્ભે પ્રેઝન્ટેશન રજૂ કરતા વિદ્યાર્થીઓ


# તા.૨૭/૦૯/૨૦૨૧નાં રોજ પર્યાવરણ, સ્વચ્છતા, જળસંરક્ષણ, જળસંચય એનિમેશનની રજૂઆત




















૦૧/૦૭/૨૦૨૨ GST Day નિમિત્તે કોમર્સ વિભાગ અંતર્ગત ઓનલાઈન વ્યાખ્યાન આપતા સ.વિ.વા.કોલેજ ભિલાડના પ્રા. ડૉ. ઈજન વૈધ્ય.



તા.૧૧/૧૨/૨૦૨૧ અને તા:૧૬/૧૨/૨૦૨૧ ઓફલાઈન વ્યાખ્યાન સરકારી કોલેજ ભિલાડ.






તા.૧૧/૧૨/૨૦૨૧ અને તા:૧૬/૧૨/૨૦૨૧ કોમર્સ વિભાગના આંકડાશાત્ર વિષયમાં ફરજ બજાવતા પ્રા. જીગરકુમાર વી. પરમાર ઓફલાઈન વ્યાખ્યાન સરકારી કોલેજ ભિલાડ ખાતે આપવા ગયા હતા.

તા.૨૯/૦૬/૨૦૨૧ આંકડાશાસ્ત્ર દિવસની કોમર્સ વિભાગ દ્વારા ઉજવણી.








કાર્યક્રમમાં પ્રસંગોચિત્ત ઉદ્દબોધન કરતા આચાર્ય શ્રી ડૉ.એસ.એમ.પટેલ.